Date: 30th October, 2021

To,
Corporate Relations Department,
Bombay Stock Exchange, PJ Towers,
Dalal Street, Mumbai - 400001,
Maharashtra, India

Scrip Code: 540063

**Subject: Newspaper Clippings of Advertisement published in Newspaper(s)**

Dear Sir/ Ma'am,

We are submitting herewith the clippings of advertisement(s) published in Free Press Gujarat and Lokmitra for standalone un-audited Financial Results of the Company for the Quarter ended on 30.09.2021

This is for your kind information and records.

Thanking You,

Yours faithfully
For, **ECS Biztech Limited**

Geetika Bisht
Company Secretary
ACS 48713

**ECS Biztech Limited.**
**Regd. Office:** The First, B02, ECS Corporate House, Behind Keshavbaug Party Plot, Off. 132 ft Ring Road, Vastrapur, Ahmedabad- 380015. Gujarat. India.
Phone: 8980005006 / 8980004000 | Web: www.ecscorporation.com
CIN: L30007GJ2010PLC063070

# સાંસદ મનસુખ વસાવા દ્વારા ભરૂચ સ્ટેશન પર નવ વિસ્તરેલ ફુટ ઓવર બ્રિજ તથા નવા સ્મારક રાષ્ટ્રધ્વજનું લોકાર્પણ



વડોદરા, પશ્ચિમ રેલવ ના વડોદરા વિભાગના ભરૂચ રેલવે સ્ટેશન પર નવ વિસ્તરેલ ફુટ ઓવર બ્રિજ અને નવા સ્મારક રાષ્ટ્રધ્વજ નુ લોકાર્પણ ભરૂચના માનનીય સાંસદ શ્રી મનસુખ વસાવા દ્વારા માનનીય ધારાસભ્ય શ્રી દુષ્યંત પટેલ તથા ડીઆરએમ શ્રી અમિત ગુપ્તા અને ડીઆરયૂસીસી મેમ્બર શ્રી જીતેન્દ્રસિંહ રાજપૂત સહિત અન્ય મહાનુભવો, નાગરીકો ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ.

વડોદરા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર ડો. જિનિયા ગુપ્તાએ જણાવ્યુ હતુ કે વડોદરાની બાજુ સ્થિત આ ફુટ ઓવર બ્રિજ પ્લેટફોર્મ એક, બે અને ત્રણ તથા ચાર અને પાંચને પશ્ચિમ વિસ્તારને રેમ્પની સુવિધા સાથે જોડે છે. જેને પરિભ્રમણ સાથે પૂર્વ વિસ્તાર સુધી લંબાવવામાં આવ્યો છે. જેના થી મુસાફરો સ્ટેશનના કોઈપણ પ્લેટફોર્મ પરથી સીધા જ પૂર્વ ઝોનના ફરતા વિસ્તારમાં પહોચી શકે છે. આ ફુટ ઓવર બ્રિજ પર રેલવે દ્વારા ૧.૭૫ કરોડ રૂપિયાનો ખર્ચ થી વિસ્તારીકરણ કરવામાં આવ્યો છે. તે ૨૮.૬૦ મીટર લાબો અને ૩ મીટર પહોળો છે. માત્ર વરિષ્ઠ નાગરિકો જ નહી પરંતુ વિકલાંગ લોકોને પણ આ સુવિધાનો લાભ મળશે.

ભરૂચ સ્ટેશન ના પશ્ચિમ છેડે અને ફરતા વિસ્તારમાં સ્મારક ધ્વજ (મોન્યુમેન્ટ નેશનલ ફલેગ) સ્થાપિત કરવામાં આવ્યો છે. જે રેલવે સ્ટેશનની સુંદરતામાં વધારો કરશે તેમજ રેલવે મુસાફરોમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની લાગણીને પ્રોત્સાહન આપશે.

હાલમાં, ભારતીય રેલવે સ્ટેશનો પર અત્યાર સુધીમાં ૧૦૦ સ્મારક રાષ્ટ્રધ્વજ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં તેને વડોદરા વિભાગના ૧૧ સ્ટેશનો પર સ્થાપિત કરવાનું આયોજન છે. જેમાથી વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નડિયાદ, ગોધરા, કેવડિયા, ચાપાનેર રોડ, ડેરોલ, ભરૂચ, ડાકોર તથા અલીરાજપુરમાંથી આ આઠમો સ્મારક રાષ્ટ્રધ્વજ છે જે ભરૂચમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. તે ૧૦૦ ફુટની ઊંચાઈએ છે અને રાષ્ટ્રધ્વજ ૩૦ ફુટ લાંબો અને ૨૦ ફુટ પહોળો હશે. આના પર લગભગ રૂ?. ૧૦ લાખ ખાર્ચ આવ્યો છે.

## વડોદરા ડિવિઝન પર પ્લેટફોર્મ ટિકિટના દર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી યથાવત રહેશે

વડોદરા, પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર કોવિડ-૧૯ના ફેલાવાને રોકવા અને રેલવે સ્ટેશનો પર સંભવિત ભીડ સામે રક્ષણ આપવા માટે, રેલવે પ્રશાસન દ્વારા ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી પ્લેટફોર્મના દરોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને તેને ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી રહી છે. તદનુસાર, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી, વડોદરા, આણંદ, નડિયાદ, ભરૂચ અને અંકલેશ્વર સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનો દર પેસેન્જર દીઠ ૩૦ અને ડિવિઝનના અન્ય સ્ટેશનો પર, પ્લેટફોર્મ ટિકિટનો દર ૨૦ પ્રતિ પેસેન્જર રહેશે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે કેન્દ્ર અને રાજ્યના રેલવે સ્ટેશનો અને રેલવે પ્લેટફોર્મ પર સરકાર દ્વારા જારી કરાયેલ કોરોના ગાઈડલાઈનનું પાલન કરો.

## પશ્ચિમ રેલવેએ માસિક સિઝન ટિકિટ ધારકોને વડોદરા ડિવિઝનની મેલ એક્સપ્રેસ ટ્રેનોમાં અનરિઝર્વ્ડ કોચમાં મુસાફરી કરવાની મંજૂરી આપી

વડોદરા, પશ્ચિમ રેલવે દ્વારા ઉપનગરીય વિભાગમાં ૨૯ ઓક્ટોબર ૨૦૨૧થી કેટલીક મેલ એક્સપ્રેસ ટ્રેનોમાં માસિક સિઝન ટિકિટ ધારકોને અનરિઝર્વ્ડ કોચમાં મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી રહી છે. વડોદરા ડિવિઝનના ડીઆરએમ શ્રી અમિત ગુપ્તા એ માહિતી આપી હતી કે આ સુવિધા MST ધારકોને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૧થી વડોદરા ડિવિઝનમાંથી ચાલતી/પાસ થતી ટ્રેનોની પાંચ જોડીમાં પૂરી પાડવામાં આવી રહી છે, જે નીચે મુજબ છે.

૧. ટ્રેન નં. ૦૯૦૧૧/૦૯૦૧૨ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ સુપર ફાસ્ટ આ સુવિધા D-14 થી D-18 અને DL-1 અને DL-2 કોચમાં આપવામાં આવી રહી છે.

૨. ટ્રેન નં. ૦૨૯૩૫/૦૨૯૩૬ બાંદ્રા ટર્મિનસ સુરત બાંદ્રા ટર્મિનસ સુપર ફાસ્ટમાં D-13 થી D-16 અને DL-1 કોચમાં આપવામાં આવી રહી છે

૩. ટ્રેન નં. ૦૯૧૩૫/૦૯૧૩૬ વલસાડ અમદાવાદ વલસાડ મેલ એક્સપ્રેસમાં આ સુવિધા D-14 થી D-18 અને DL-1 અને DL-2 કોચમાં આપવામાં આવી રહી છે

૪. ટ્રેન નં. ૦૯૧૩૮/૦૯૧૩૭ વડોદરા – દહાણુ રોડ વડોદરા સુપરફાસ્ટમાં D-10 થી D-14 અને DL-1 અને DL-2 કોચમાં આપવામાં આવી રહી છે

૫. ટ્રેન નં. ૦૯૧૨૯/૦૯૧૩૦ વલસાડ વડોદરામાં વલસાડ સુપરફાસ્ટ D-8 થી D-12 કોચમાં આપવામાં આવી રહી છે

૬. ટ્રેન નં. ૦૨૯૫૯/૦૨૯૬૦ વડોદરા જામનગર વડોદરા સુપરફાસ્ટ D-8 થી D-12 કોચમાં આપવામાં આવી રહી છે

માન્ય MST અને અનરિઝર્વ્ડ મેલ/એક્સપ્રેસ ટિકિટ ધરાવતા મુસાફરોને માત્ર અનરિઝર્વ્ડ કોચમાં જ મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે. તેમને ઉપરોક્ત તમામ ટ્રેનોના રિઝર્વ કોચમાં મુસાફરી કરવાની મંજૂરી નથી, માત્ર માન્ય રિઝર્વ ટિકિટ ધરાવતા રિઝર્વ મુસાફરોને જ આ ટ્રેનોના રિઝર્વ કોચમાં મુસાફરી કરવાની મંજૂરી છે. આ ટ્રેનોમાં, MST ધારકોએ નિયમો અનુસાર સુપરફાસ્ટ ટ્રેનોમાં મુસાફરી કરવા માટે સુપરફાસ્ટ ચાર્જ ચૂકવવો પડશે અને MST ધારકો માટે ભીડને ટાળવા માટે કોઈ અલગથી નિર્ધારિત કોચ હશે નહી. તમામ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે મુસાફરી દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના નિર્ધારિત કોવિડ પ્રોટોકોલનું પાલન કરો. હાલના સંજોગોમાં રેલ્વે પ્રશાસન દ્વારા માત્ર માસિક ધોરણે સીઝન ટિકિટ આપવામાં આવશે.

## અમદાવાદથી ઉપડતી/પાસ થતી ૪ જોડી ટ્રેનમાં સિજન ટિકિટ ધારકો ને મુસાફરી કરવાની છૂટ છે

અમદાવાદ, મુસાફરોની માંગ અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે માસિક સીઝન ટિકિટ (MST) ધારકોને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૧ થી અમદાવાદથી ઉપડતી/ પાસ થતી વિશેષ ટ્રેનોની ૪ જોડીમાં મુસાફરી કરવાની મંજૂરી આપી રહી છે.મંડળ રેલવે પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૪૧૯/૦૯૪૨૦ અમદાવાદ-સોમનાથ-અમદાવાદ સ્પેશિયલ ૨. ટ્રેન નંબર ૦૯૦૧૨/ ૦૯૦૧૧ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશિયલ ૩. ટ્રેન નંબર ૦૯૧૩૬/૦૯૧૩૫ અમદાવાદ-બલસાડ-અમદાવાદ સ્પેશિયલ ૪. ટ્રેન નંબર ૦૨૯૫૯/૦૨૯૬૦ વડોદરા-જામનગર-વડોદરા સુપરફાસ્ટ સ્પેશિયલ. નોંધનીય છે કે ઉપરોક્ત ટ્રેનોના અનરિઝર્વ્ડ કોચમાં માત્ર સીઝન ટિકિટ ધારકોને જ મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી છે. સીઝન ટિકિટ ધારકો આરક્ષિત કોચમાં મુસાફરી કરી શકશે નહી. MST માસિક સીઝન ટિકિટ ધારકોને પુનઃપ્રમાણીકરણ સિવાય માત્ર માસિક ધોરણે જારી કરવામાં આવશે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે મુસાફરી દરમિયાન સ્થાનિક/ રાજ્ય પ્રશાસન દ્વારા જારી કરાયેલા COVID-19 પ્રોટોકોલનું પાલન કરો.

## રખડતાં પશુઓના ત્રાસમાંથી સુરત મુક્ત થયાનો દાવો પાટિલે કર્યો

વડોદરા, પહેલા પશુ પકડાય તો મહાનગર પાલિકા દ્વારા પશુના કાનમાં ટેગ લગાવામાં આવતા હતા. પરંતુ પશુના માલિકો કાન પરથી ટેગ દુર કરતા હતા, એટલે સુરત મહાનગર પાલિકાએ નવી પદ્ધતિ અપનાવી છે. જેથી હવે પશુઓ કેટલી વાર પકડાયા તેની તમામ માહિતી મળી જશે. જો કે, હજુ સુરતના રોડ પર પશુઓની હાજરી તો જોવા મળી રહી છે. હજુ સુરત શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. ત્યારે હવે જોવું રહ્યું કે નવી પોલીસી કેટલી કારગત નીવડે છે.રોડ પર રખડતા પશુઓના ત્રાસમાંથી સુરત શહેર મુક્ત થઈ ગયું છે.

## ECS Biztech Limited

**CIN: L30007GJ2010PLC063070**

Registered Office: B02, The First, ECS Corporate House, behind Keshavbaug, Party Plot, Off. 132 ft, Ring Road, Vastrapur, Ahmedabad 380015

Telephone: 8980005006; Website: www.ecscorporation.com; Email: secretarial@ecscorporation.com

**REGULATION 47(1)(b) OF SEBI (LODR) REGULATIONS, 2015 EXTRACT OF STANDALONE UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON SEPTEMBER 30, 2021**

(In Rupees)

| Particulars | Quarter ended | | Half year ended | | Year Ended |
|---|---|---|---|---|---|
| | 30/09/2021 | 30/09/2020 | 30/09/2021 | 30/09/2020 | 31/03/2021 |
| | Un-Audited | | | | Audited |
| Total Income from Operations | 33,93,601 | 36,53,260 | 71,90,903 | 62,19,985 | 1,52,97,927 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or extraordinary items) | -28,25,093 | -37,75,549 | -35,66,500 | -54,91,633 | -3,75,61,129.21 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or extraordinary items) | -28,25,093 | -37,75,549 | -35,66,500 | -54,91,633 | -3,75,61,129.21 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or extraordinary items) | -28,25,093 | -37,75,549 | -35,66,500 | -54,91,633 | -3,08,70,649.21 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -28,25,093 | -37,75,549 | -35,66,500 | -54,91,633 | -3,08,70,649.21 |
| Paid Up Equity Share Capital | 20,55,50,470.00 | 20,55,50,470.00 | 20,55,50,470.00 | 20,55,50,470.00 | 20,55,50,470.00 |
| **Earnings Per Share** Basic earnings /(loss) per share (Rs.) | -0.14 | -0.18 | -0.17 | -0.27 | -1.50 |
| Diluted earnings / (loss) per share (Rs.) | -0.14 | -0.18 | -0.17 | -0.27 | -1.50 |

Note:

1. The above is an extract of the detailed format of Standalone Un-Audited Financial Results for the quarter ended on September 30, 2021 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone Un-Audited Financial Results for the quarter ended on September 30, 2021, is available on the website of Stock Exchange at www.bseindia.com as well as on the Company's Website at www.ecscorporation.com.
2. These standalone Un-Audited Financial Results have been reviewed by the Audit Committee in its meeting and were approved by the Board of Directors in their meeting held on October 28, 2021.
3. The un- audited standalone financial results of the Company for the Quarter ended on September 30, 2021 are in compliance with Indian Accounting Standards (Ind AS) as notified by the Ministry of Corporate affairs and have been reviewed by the Statutory Auditors of the Company.

For, ECS Biztech Limited
Sd/-
Mr. Vijay M Mandora
Managing Director

**Place: Ahmedabad**
**Date: October 28, 2021**

# અમદાવાદ મંડળ પર "સતર્કતા જાગૃતિ સપ્તાહ" અંતર્ગત મીટીંગનું આયોજન





અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર તારીખ ૨૮મી ઑક્ટોબર ૨૦૨૧ના રોજ, પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી નરેશ લાલવાણીએ ડિવિઝન પર ચાલી રહેલા "સતર્કતા જાગૃતિ સપ્તાહ " દરમિયાન ડિવિઝનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. આ મીટીંગ દરમિયાન શ્રી લાલવાણીએ મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચર્ચા કરતા જણાવ્યું કે આપણે બધાએ ઈમાનદારી, નિષ્ઠા અને પારદર્શિતા સાથે કામ કરવું જોઈએ. દરેક વ્યક્તિએ વિવેક સાથે ભ્રષ્ટાચાર સામે લડવાની ઈચ્છા અને સંકલ્પશક્તિ કેળવવી જોઈએ અને સામાન્ય જીવનમાં ઈમાનદારી અપનાવવી જોઈએ. વરિષ્ઠ સતર્કતા અધિકારી (ટ્રાફિક) શ્રીમતી અનીતા પકિયાનાથને પાવર પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ વિભાગોમાં પકડાયેલા કેસો અને લેવાયેલી કાર્યવાહી વગેરેની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આપણે સાવધાનીથી કામ કરવું જોઈએ, ક્યારેક નિર્દોષ લોકો પણ ફસાઈ જાય છે. આ દરમિયાન શ્રી લાલવાણીએ તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી તેમના સૂચનો પણ લીધા હતા. આ બેઠકમાં ખાનગી પાર્ટીના લોકોને પણ બોલાવીને તેમની સમસ્યાઓ અને સૂચનો સાંભળવામાં આવ્યા હતા અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી લાલવાણીની સાથે ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી તરૂણ જૈન, એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અનંત કુમાર, એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી પરીમલ શિંદે અને તમામ બ્રાંચ ઓફિસરો અને ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર (એકાઉન્ટ) શ્રીમતી સીમા જાખડી, ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર (એન્જિનિયરિંગ) શ્રી મનીષ કુમાર, વરિષ્ઠ સતર્કતા અધિકારી (ટ્રાફિક) શ્રીમતી અનીતા પાકિયાનાથને અને સહાયક સતર્કતા અધિકારી શ્રી અરુલમણિ પોલરાજ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરમતીના પ્રદૂષણના ડેટા સાથે ચેડાં થતા હોય તો કોન્ટ્રાક્ટ રદ કરો : હાઈકોર્ટ

અમદાવાદ સાબરમતી નદીમાં પ્રદૂષણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે હાથ ધરેલી સુઓમોટો કાર્યવાહીમાં કોર્ટે આદેશ કર્યો છે કે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લેવાતા પાણીના સેમ્પલ અને ટ્રીટમેન્ટ બાદના પાણીના સેમ્પલનું એનાલિસિસ કરવામાં આવે છે. એનાલિસિસનો ડેટા ખોટો અને ઉપજાવી કાઢેલો હોવાનું જોઈન્ટ ટાસ્ક ફોર્સના ધ્યાને આવ્યું છે. જો લેબોરેટરીમાં બિનકાર્યક્ષણ અને અયોગ્ય ટેકનિશિયન કામ કરતા હોય તો કાયદા મુજબ કોન્ટ્રાક્ટ રદ કરી સત્વરે યોગ્યતા ધરાવતા લોકોને કોન્ટ્રાક્ટ આપવામાં આવે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીની ખંડપીઠે નોંધ્યું છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત લેબોરેટરી આવી રીતે ડેટા ઉપજાવી કાઢે અને તેમાં ઘાલમેલ કરે તે બાબત ચિંતાજનક અને વ્યથિત કરનારી છે. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણીની ટ્રીટમેન્ટ થયા બાદ તેના સેમ્પલ લેવામાં આવે છે અને પાણીનું કેટલું ટ્રીટમેન્ટ થયું અને કેટલું પ્રદૂષણમુક્ત થયું તે જોવામાં આવે છે.

## ટ્રેડસ્માર્ટ સાથે સોનેરી ટ્રેડિંગ અને રોકાણની તકનો દાવો કરે છે




અમદાવાદ, દિવાળીના ઉત્સવના પ્રસંગમાં, દિવાળી પર લક્ષ્મી પૂજન પછી મુહૂર્ત વેપારની ઉંમરની પ્રથા, રોકાણની શરૂઆત એક શુભ તરીકે ચિહ્નિત કરે છે. ટ્રેડિંગની એક કલાકની વિન્ડો તેની સાથે દર વર્ષે ઉચ્ચ પ્રદર્શન ધરાવતા ભારતીય સ્ટૉક માર્કેટનો વચન આપે છે. આ વર્ષમાં એકવાર સારા ભાગ્યવાન પ્રસંગમાં, ટ્રેડસ્માર્ટ તેના વેપારીઓ અને ગ્રાહકો માટે આ વર્ષ ૪ નવેમ્બર, સાંજે ૬:૧૫ સ્ થી ૭:૧૫ સ્ સુધી મુહુરાત ટ્રેડિંગનો સૌથી વધુ અનુસૂચિત બનાવવા માટે શ્રેષ્ઠ ઑફરની જાહેરાત કરે છે. ટ્રેડસ્માર્ટ, ડિજિટલ-ફર્સ્ટ પ્રીમિયમ ડિસ્કાઉન્ટ બ્રોકરેજ પ્લેટફોર્મ નવેમ્બર ૩, ૨૦૨૧ સુધી માન્ય નવા એકાઉન્ટ ખોલનારા ગ્રાહકો માટે લોકપ્રિય બ્રાન્ડ્સ પર ?૧૦૦૦૦ કિંમતના મફત ડિમેટ એકાઉન્ટ ઓપનિંગ પ્લસ વાઉચર પ્રદાન કરે છે. નફાકારક સ્ટૉક્સ ટ્રેડિંગ અને રોકાણના અવિશ્વસનીય ટ્રેક રેકોર્ડ સાથે, ટ્રેડસ્માર્ટ ૪ નવેમ્બર, ૨૦૨૧ ના રોજ મુહુરાત ટ્રેડિંગ વિન્ડો પર ટ્રેડિંગ કરતા તમામ ગ્રાહકોને ?૫૦૦ સુધીની વિશિષ્ટ ઑફર જાહેર કરે છે. હાલમાં વેપાર ઉદ્યોગમાં આ શ્રેષ્ઠ ઑફર કંપની દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી છે જેથી ગ્રાહકોને આ શુભ ક્ષણ દરમિયાન વેપાર કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે જ્યારે ભારતીય સ્ટૉક બજાર તેની ઊંચાઈ પર હોય છે, જ્યારે સુસમયસર નિર્ણયો સાથે યોગ્ય સમયમાં ખરીદે અને વેચાયેલ હોય ત્યારે સ્ટૉક્સ પર નફાકારક વળતર સુનિશ્ચિત કરે છે. મુહૂર્ત ટ્રેડિંગ પ્રેક્ટિસ જે બીએસઈ પર ૧૯૫૭ માં શરૂ થઈ હતી અને એનએસઈ પર ૧૯૯૨ માં હજુ પણ મોટાભાગના ભારતીયો દ્વારા જાણીતી નથી અને તે ઉત્સાહીઓને વેપાર કરીને સ્માર્ટ પૈસા બનાવવાની એક ખોવાયેલી તક છે. આ પ્રસંગ પર વાત કરીને, વિકાસ સિંઘનિયા, સીઈઓ, ટ્રેડસ્માર્ટ એ કહ્યું, શ્ર્;શરૂઆતથી, અમે સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે અમારા ગ્રાહકોને નફા કમાવવા અને દરેક સંભવિત તકનો સૌથી વધુ લાભ મેળવવા માટે શ્રેષ્ઠ સંભવ નિર્ણયો લેવા માટે સારી રીતે જાણ કરવામાં આવે છે.(૧-૭)

## SAR AUTO PRODUCTS LIMITED

**Regd. Office :** 50-E BHAKTINAGAR INDS ESTATE,RAJKOT 360 001

**CIN:** L34100GJ1987PLC010088

**Website:** www.sarautoproductsltd.com, **Email:** sapl@sarautoproductsltd.com

**Extract of Unaudited Financial Result for the quarter ended on 30thSeptember, 2021**

(Rs.In Lacs except per share data)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-Sep-21 (Unaudited) | 30-Jun-21 (Unaudited) | 30-Sep-20 (Unaudited) | 30-Sep-21 (Unaudited) | 30-Sep-20 (Unaudited) | 31-Mar-21 (Audited) |
| 1 | Total Income from Operations (net) | 233.99 | 250.21 | 124.92 | 484.20 | 181.95 | 630.26 |
| 2 | Net Profit/Loss for the period before Tax, Exceptional and Extra Ordinary Items | 26.03 | 34.43 | 9.07 | 60.46 | (5.06) | 61.02 |
| 3 | Net Profit/Loss for the period before Tax after Exceptional and Extra Ordinary Items | 26.03 | 34.43 | 9.07 | 60.46 | (5.06) | 61.02 |
| 4 | Net Profit/Loss for the period after tax (after Extraordinary Items) | 26.03 | 34.43 | 9.07 | 60.46 | (5.06) | 45.26 |
| 5 | Total comprehensive income for the period | 12.55 | 40.40 | 9.17 | 52.95 | (6.50) | 53.45 |
| 6 | Paid up Equity Share Capital | 476.47 | 476.47 | 476.47 | 476.47 | 476.47 | 476.47 |
| | (Face Value of Share Rs. 10 each ) | - | | - | | | |
| 7 | Reserves Excluding Revaluation Reserves | - | | - | - | | 924.46 |
| 8 | Earnings per Share ( EPS ) ( for continuing operations) | - | | - | - | | |
| | Diluted EPS for the Period | ( Not Annualized) | ( Not Annualized) | ( Not Annualized) | ( Not Annualized) | ( Not Annualized) | ( Annualized) |
| | ( a ) Basic | 0.55 | 0.72 | 0.19 | 1.27 | (0.11) | 0.95 |
| | ( b ) Diluted | 0.55 | 0.72 | 0.19 | 1.27 | (0.11) | 0.95 |

Note :-

a) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.

c) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules /AS Rules, whichever is applicable.

**For and on behalf of Board of Director,**
**Ramesh D. Virani**
**Chairman & Managing Director**
**DIN : 00313236**

Place: Rajkot
Date: October 29, 2021

## પ્રાઈમ વિડિયો યશરાજ ફિલ્મ્સની ૪ બહુપ્રતિક્ષિત મોટી ફિલ્મો માટે એક્સક્લુઝિવ સ્ટ્રીમિંગ ડેસ્ટિનેશન બનશે



અમદાવાદ, પ્રાઈમ વિડિયો ઈન્ડિયા દ્વારા આજે ભારતના સૌથી મોટા નિર્માણગૃહ યશરાજ ફિલ્મ્સ (વાઈઆરએફ) સાથે વિશિષ્ટ લાઈસન્સિંગ ડીલની ઘોષણા કરવામાં આવી હતી, જે સ્ટુડિયોની ચાર વ્યાપક સ્તરની આગામી થિયેટરોમાં રિલીઝ થનારી ફિલ્મો માટે સ્ટ્રીમિંગ સર્વિસને ઘર બનાવશે. આ સોદાના ભાગરૂપે પ્રાઈમ વિડિયો યશરાજ ફિલ્મ્સના બેનર હેઠળ આ ચાર બહુપ્રતિક્ષિત ટાઈટલ્સના ખાસ વૈશ્વિક સ્ટ્રીમિંગ અધિકારો ધરાવશે. ઘરની સુરક્ષા અને સુવિધામાં દર્શકોને ઉત્તમ ફિલ્મોને આસાન પહોંચ આપવાની તેની કટિબદ્ધતા પર વધુ ભાર આપતાં પ્રાઈમ વિડિયો તે થિયેટરોમાં રિલીઝ થયા પછી ફક્ત ચાર સપ્તાહમાં આ ટાઈટલ્સ સ્ટ્રીમ કરશે. ઉચ્ચ દરજ્જાની કન્ટેન્ટ સામેથી વિવિધ પ્રકારની ફિલ્મોમાં બહુપ્રતિક્ષિત ચોરી પર આધારિત સૈફ અલી ખાન, રાની મુખરજી, સિદ્ધાંત ચતુર્વેદી અને નવોદિત સુંદરી શર્વરી અભિનિત કોમેડી બંટી ઔર બબલી ૨, રણબીર કપૂર, વાની કપૂર અને સંજય દત્તની મેગા- એકશન એન્ટરટેઈનનર શમશેરા, અક્ષય કુમાર, સંજય દત્ત, માનુષી છિલ્લર અને સોનુસૂદ અભિનિત નીડર રાજા પૃથ્વીરાજ ચૌહાણના જીવન પર આધારિત ઐતિહાસિક એકશન ફિલ્મ પૃથ્વીરાજ, શક્તિશાળી સામાજિક સંદેશ સાથેની રણવીર સિંહની મોટા પાયા પરથી ફેમિલી એન્ટરટેઈનર જયેશભાઈ જોરદારનો સમાવેશ થાય છે.(૧૯-૧૦)

## અમદાવાદ વન મોલ ખાતે દિવાળીની ઉજવણીની અનોખી થીમ 'સાઉન્ડ ઓફ હેપ્પીનેસ'



અમદાવાદ, ઉજાસનો તહેવાર દિવાળી નજીક આવી રહી છે ત્યારે અમદાવાદ વન મોલ આવનાર સહુ ને ખાસ સાઉન્ડ ઓફ હેપ્પીનેસ થી આવકારવા સજ્જ છે. આ વર્ષે નેક્સસ મોલ ના ગ્રાહકો પણ બેલ ખરીદીને એક ઉમદા કાર્યમાં ભાગીદારી કરી શકે છે.આ રકમ એનજીઓ ને સીધી જશે કે જે છેલ્લા ૧૮ માહિનામાં કોવિડ ની લડત હારી ગયા છે તેમના સંબંધીઓને સહાયક થશે.

આ વર્ષે તહેવારો માટે અમદાવાદ વન મોલ ફરી એકવાર અનોખી સજાવટ ' સાઉન્ડ ઓફ હેપ્પીનેસ' લઈ ને આવ્યું છે. મંદિરોના પવિત્ર ઘંટ થી પ્રેરિત આ થીમ દ્વારા આ મોલ આધ્યાત્મિકતા, સકારાત્મક્તા અને દેવી દેવતાઓના આશીર્વાદની અનુભૂતિ કરાવશે . એવું કહેવાય છે કે જ્યારે મંદિરમાં ઘંટ વગાડવામાં આવે છે ત્યારે દેવી દેવતા પ્રગટ થાય છે. થીમ બેલના દરેક ભાગના રસપ્રદ મહત્વને પણ દર્શાવશે. ઘંટ નો ધ્વનિ શુદ્ધ માનવમાં આવે છે જે દિવ્યતાનું સ્વાગત કરે છે અને અનિષ્ટો ને દૂર કરે છે. ઘંટ નો ધ્વનિ મનને ચલિત વિચારો થી દૂર કરી એકાગ્ર બનાવે છે. આમ પ્રાથના દરમિયાન ઘંટ વગાડવું એ હમેશા અસ્થિર મન ને એકાગ્ર કરી નિયંત્રિત કરવામાં મદદ કરે છે. –

## ઈકરાએ સ્ટેબલ આઉટલૂક સાથે એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડનું રેટિંગ અપગ્રેડ કર્યું




અમદાવાદ, રેટિંગ એજન્સી ઈકરા લિમિટેડે એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડનું રેટિંગ અપગ્રેડ કરીને સ્ટેબલ આઉટલૂક કર્યું છે. રેટિંગ એજન્સીએ લોંગ ટર્મ રેટિંગને ઈકરા એ (સ્ટેબલ)થી વધારીને ઈકરા એ પ્લસ (સ્ટેબલ) (જેનું ઉચ્ચારણ ઈકરા એ પ્લસ થશે) કર્યું છે. શોર્ટ ટર્મ રેટિંગ ઈકરા એ વન પર યથાવત રહ્યું છે. આ રેટિંગ એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડની રૂ. ૨૫૪.૧૧ કરોડની બેંક સુવિધાઓના સંદર્ભે હતું. કંપનીની લોંગ ટર્મ રેટિંગ પરનું આઉટલૂક પણ સ્થિર રહ્યું છે.

ઈકરા એ પ્લસ રેટિંગ ધરાવતાં ઈન્સ્ટ્રુમેન્ટ્સને નાણાંકીય જવાબદારીઓને સમયસર પૂરા કરવાના સંદર્ભમાં પૂરતા સુરક્ષિત માનવામાં આવે છે. આ પ્રકારના ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં ઓછું ક્રેડિટ જોખમ હોય છે. ઈકરા એ વન રેટિંગ ધરાવતાં ઈન્સ્ટ્રુમેન્ટ્સને નાણાંકીય જવાબદારીની સમયસર ચૂકવણીના સંદર્ભમાં ખૂબ જ સુરક્ષિત હોવાનું માનવામાં આવે છે. આવા ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં સૌથી ઓછું ક્રેડિટ જોખમ હોય છે.

કંપનીના ગ્રુપ એકમ ક્રિસ્ટલ સિરામિક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડની રૂ. ૧૦૬ કરોડની બેંક સુવિધાઓનું રેટિંગ ઈકરા એ (સીઈ) (સ્ટેબલ) (જેને ઈકરા એ ક્રેડિટ એન્હેન્સમેન્ટ તરીકે ઉચ્ચારિત કરાશે)થી અપગ્રેડ કરીને ઈકરા એ પ્લસ (સીઈ) (સ્ટેબલ) (જેને ઈકરા એ પ્લસ ક્રેડિટ એન્હેન્સમેન્ટ તરીકે ઉચ્ચારવામાં આવશે) કરવામાં આવ્યું છે. (૧૮-૨)

## મન્નાપુરમ હોમ ફાયનાન્સ લીમીટેડ

MANAPPURAM HOME FINANCE LTD.

મન્નાપુરમ હોમ ફાયનાન્સ પ્રા.લી. તરીકે ઓળખાય

**CIN : U65923K12010PIC039179**

રજી ઓફીસ-IV ૪૭૦એ ( ઓલ્ડ ) ડબલ્યુ -૬૩૮એ ( ન્યુ ) મન્નાપુરમ હાઉસ, વલાપદ ત્રીસુર કેરલા ૬૮૦૫૬૭

કોર્પો ઓફીસ- મન્નાપુરમ હોમ ફાયનાન્સ લીમીટેડ, ૩જો માળ, યુનિટ નં.૩૦૧ થી ૩૧૫, એ વિન્ગ, કનકીયા વૉલ સ્ટ્રીટ, અંધેરી કુરલા રોડ/ અંધેરી ઈસ્ટ, મુંબઈ- ૪૦૦૦૯૩. મહારાષ્ટ્ર. ફોનનં.૦૨૨-૬૬૨૧૧૦૦૦ વેબસાઈટ : www.manappuramhomefin.com

### માંગણા નોટીસ

નીચેના લેણદારોને નોટીસ આપવામાં આવે છે કે તેમણે કંપનીમાંથી મેળવેલી લોન ની સગવડ ની મુળ રકમ અને તેનું વ્યાજ ચુકવામાં કસૂરવાર થયા છે તેથી તેમની લોન નોન પરફોમિંગ એસેટ ( એનપીએ) તરીકે ગણવામાં આવે છે .સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ )૨૦૦૨, અનુચ્છેદ ૧૩ (૨) હેઠળ નોટીસ આપવામાં આવે છે. તેમણે કંપની ને આપેલા છેલ્લા સરનામા પર નોટીસ આપવામાં આવી છે, આ ઉપરાંત વધારે કરજદારોને માહિતી મળે તે માટે નીચે વિગતો આપી છે. કરજદારો ને જાહેર નોટીસ મારફતે માહિતી આપવામાં આવે છે.

| ક્રમ ન. | કરજદાર/ સહ-કરજદારો/જામીનદારોનું નામ અને લોન એકાઉન્ટ નંબર /બ્રાન્ચ | ગણેલ વ્યાજે આરક્ષિત મિલકતં અને તેની વિગત | એનપીએ તારીખ | માંગણા નોટીસની તારીખ અને બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ પ્રભુભાઈ પ્રજાપતિ/ WAHME0002618/ અમદાવાદ | ૯૫, શિવ દર્શન કો- ઓપ હાઉસિંગ સોસા. લી. અમદાવાદ- ૩૮૦૦૨૬, ગુજરાત, ભારત | ૧૦.૧૦.૨૦૨૧ | ૧૬.૧૦.૨૦૨૧ અને રૂા. ૫૮૪૩૩૨/- |
| ૨. | ગિરજાશંકર મલખાન શર્મા, મીનાબેન ગિરજાશંકર શર્મા, સુરેશભાઈ હરનારાયણ મિશ્રા, સંતશ્રીરામઅવતારદાસ મલખાન શર્મા/ PU90PULONS000005002606/ અમદાવાદ | ફ્લેટ નં.૪૦૨, બ્લોક નં. સી-૩૮, ૪થો માળ, સ્વામિનારાયણ પાર્ક, લક્ષ્મી વિલા-૨ સામે, હરીદર્શન ક્રોસ રોડ પાસે, નવા નારોડા, અમદાવાદ- ૩૮૨૩૪૫, ગુજરાત- ભારત | ૧૦.૧૦.૨૦૨૧ | ૧૬.૧૦.૨૦૨૧ અને રૂા.૧૩૧૯૪૬૧/- |

ઉપરોક્ત કરજદારોને સલાહ આપવામાં આવે છે કે અનુચ્છેદ ૧૩(૨) હેઠળ આપવામાં આવેલી નોટીસ ની તારીખ થી ૬૦ દિવસની અન્દર બાકી ની રકમ ચુકવી દેવી, તેઓ નિષ્ફળ જસે તો અનુચ્છેદ ૧૩(૨) હેઠળ આપવામાં આવેલી નોટીસની તારીખ ના ૬૦ દિવસ બાદ વધારે પગલા લેવામાં આવશે કે જે સીકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એકટ )૨૦૦૨ હેઠળ પગલા લેવાશે.

તારીખ: ૩૦.૧૦.૨૦૨૧
સ્થળ : ગુજરાત

સહી/-સત્તાવાર અધિકારી
મન્નાપુરમ હોમ ફાઈનાન્સ લી.

